ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.

CIN : U40102GJ2003SGC042908

e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૧૦/૨૨-૨૩/ ૩૦૨૫ તારીખ : 20 SEP 2022

**આર.પી.એ.ડી.**

કેસ નં.૧૦/૨૨-૨૩

પ્રતિ,
**શ્રી જગશીભાઈ એ ઝાપડીયા,**
**અક્ષરધામ સોસાયટી, ઢસા રોડ,**
**મું.દામનગર, તા.લાઠી,**
**જી.અમરેલી.**

**મો.નં – ૯૪૦૮૧ ૬૧૦૦૫**

**વિષય : વિજ કનેકશનના બિલીંગ સંબધિત પ્રશ્નો દૂર કરી આપવા બાબત.**

સંદર્ભ : (૧) આપનો પત્ર તા.૦૫/૦૩/૨૦૨૨ જે અત્રેની કચેરી ને મળ્યા તા.૨૭/૦૪/૨૦૨૨.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૦/૨૨-૨૩/૧૩૯૬ તા.૩૦/૦૪/૨૦૨૨.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૦/૨૨-૨૩/૧૭૨૯ તા.૩૧/૦૫/૨૦૨૨.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોકત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ તા ૧૪/૦૬/૨૦૨૨ તા.૧૬/૦૭/૨૦૨૨ તા.૩૦/૦૮/૨૦૨૨ નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

કન્વીનર,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
**પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.**

**બિડાણ:– ઉપર મુજબ.**

પ્રતિ: કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી-૧, **અમરેલી.**
***.......ગુજરાત વિધુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૯ ની કલમ નં. ૨.૫૪ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.***

**નકલ રવાના:–**
(૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **અમરેલી.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.
(૨) નાયબ ઈજનેરશ્રી,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, પેટા વિભાગીય કચેરી, **દામનગર.**

**(ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)**

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ **કેઈસ નંબર – ૧૦/૨૨–૨૩**

વાદી :– **શ્રી જગશીભાઈ એ ઝાપડીયા,**

◈ **વિરૂધ્ધ** ◈

પ્રતિવાદી :– **પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ**

◈ **રજુઆતની તારીખઃ– તા.૧૬/૦૭/૨૦૨૨** ◈

હાજર રહયા :– **શ્રી જગશીભાઈ એ ઝાપડીયા ,(પોતે).**

પ્રતિવાદી :– **શ્રી** એસ.એલ. પટેલ, કાર્યપાલક **ઈજનેર, વિભાગીય કચેરી,** અમરેલી-૧
**(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)**

શ્રી જગશીભાઈ એ ઝાપડીયા, મું.દામનગર, તા.લાઠી, જી.અમરેલીની વિજ કનેકશનના બિલીંગ સંબંધિત પ્રશ્નો દૂર કરી આપવા બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરીયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૧૦/૨૨–૨૩ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, અમરેલીને પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૦/૨૨–૨૩/૧૩૯૬ તા.30/04/૨૦૨૨ થી વાદીશ્રી ની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રી ને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા **તા.૧૪/૦૬/૨૦૨૨ તથા તા.૧૬/૦૭/૨૦૨૨** તેમજ તા.30/0૮/૨૨ ના રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં, વાદી તા. 30.0૮.૨૨ ની મુદતમાં હાજર રહેલ તથા પ્રતિવાદી તરફે શ્રી એસ.એલ. પટેલ કાર્યપાલક, ઈજનેર, વિભાગીય કચેરી, અમરેલી-૧ ઉપસ્થિત રહેલ.

☞ **વાદીશ્રીની રજુઆતઃ– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

**પ્રથમ રજૂઆત તા.નીલ**

૧.૧ અમો ઘર વપરાશનું વિજ કનેકશન ગ્રાહક નં–૩૮૦૦૧/૦૦૪૮૦/૧ થી ધરાવુ છું. મારા દરેક બિલમાં આવતો ફીકસ ચાર્જ શાનો છે. ? આપની ઓફીસના મીટર રીડર સ્ટાફને પૂછતા તેમણે કહેલું કે, એ તો બધાને આવે જ છે. મેં નાયબ ઈજનેરશ્રીને રૂબરૂ પૂછતાં, તથા સ્થાનિક ઓફીસે લેખિત રજૂઆત કરતા તેમણે મને જુના ૨૦૨૧ ના પરિપત્ર મુજબ ફીકસ ચાર્જ લેવાય છે. પણ મારી રજૂઆત એમ છે કે, ત્યારે જીઈબી હતું અને કવોટેશન મુજબ રકમ ભરી આપતા જેથી, વિજ આવી જતી હતી. પરંતુ, મેં વિજ કવોટેશન ભરી વિજ કનેકશન લીધેલ છે. તથા ત્યારબાદ, સરકારશ્રી ના સોલાર વિજ યોજના લાગુ પાડેલ છે અને મેં જયારે સોલાર યોજના ફીટ કરાવી ત્યારે, મીટર મીટર ટેસ્ટીગ ચાર્જ મીટર બોકસ ઉપરાંત કનેકટીવીટી ચાર્જ ભરેલ છે જયારે જીઈબી માં આવો ચાર્જ ગ્રાહકે ભરવાનો થતો ન હતો.

Consumer Grievance Redressal Forum
P.G V.C.L.
Bhavnagar

એટલે મારી રજૂઆત એવી છે કે, કાં મને આ ચાર્જ પરત આપો અથવા ફીક્સ ચાર્જ પરત આપો. જે આ બાબતે તથા બીજા અન્ય મુદાઓ અંગે મેં સ્થાનિક દામનગરની ઓફીસે લેખિત રજૂઆત તા.૧/૧૦ ના રોજ રૂબરૂ કરેલ છે. જેમને તા.૫/૧૦/૨૦૨૧ ના રોજ ઈન્વર્ડ નં–૧૬૫ થી નોંધેલ છે. જે મેળવી લેવા આપ સાહેબને વિનંતી.

૧.૨ અધૂરી વિગત વાળા બિલ આપવા અંગે આ અંગે મેં તા.૧૧/૮/૨૦૧૪ ના રોજ ફરીયાદ નિવારણ કેન્દ્ર, ભાવનગર કરી હતી. જેમણે મને હુકમ નં–૧૨૬/૧૪–૧૫ થી જવાબ આપેલ. પણ મને અસંતોષ થતા મેં વિધુત લોકપાલશ્રી ને રજૂઆત કરેલ. જેમણે મને PGVCL/Reg Cell/6066 dtd.15.062016 ના જવાબ આપેલ કે બંને માં કાર્યપાલક સાહેબ ની રજૂઆત મુજબ હવે અરજદારને તમામ વિગતો ભરીને જ બિલ આપવા.

આમ છતાં, આની અમલવારી ન થતાં, મેં ફરી ભાવનગર ફરીયાદ નિવારણ કેન્દ્રમાં હુકમના અનાદર અંગે રજૂઆત કરી હતી. તો, તેમણે મને એવો જવાબ આપ્યો કે અમરેલી અને દામનગર ઓફીસ દ્વારા હુકમનું પાલન થાય છે. જેમના મને કોઈ આધાર પુરાવા આપ્યા ન હતા.

હકીકતે કાર્યપાલક સાહેબ દ્વારા કોઈને સૂચના આપવામાં આવેલ નથી અથવા તેને લાગુ પડતી નથી. કેમકે હજુ એવા જ બિલ આવે છે. જે મેં દામનગર ઓફીસે રજૂઆત કરી છે, તેમાં સામેલ છે. બિલ તથા ભાવનગર ફરીયાદ નિવારણ નો પત્ર બંને.

૧.૩ ગ્રાહકને ઘર વપરાશનું બિલ આપે તો, ૨૦ દિવસમાં ભરપાઈ કરવાનું હોય છે. ન ભરે તો, ગાડી ઉપર માઈક થી જાહેરાત કરે છે કે, ન ભરનારનો વિજ પુરવઠો બંધ થશે અને તેમનો હેલ્પર સ્ટાફ પકકડ લઈને ઉભાજ હોય છે. તો આ સમય શું ગ્રાહકોને જ લાગુ પડે છે ? કેમ કે,

તા.૩૧/૭/૨૦૨૧ નો લાઠી કલેકટર સાહેબશ્રી નો પત્ર જાવક નં–પર૫/વશી/૪૭૧/૨૦૧૧ નો મુખ્ય ઈજનેર સાહેબશ્રી, ભાવનગર ને લખેલ છે. મેં તા.૧/૧૦ ના રોજ રૂબરૂ દામનગર નાયબ ઈજનેરને રજૂઆત કરેલ છે. જેના ઈન્વર્ડ નં–૩૬૫ તા.૧૫/૧૦/૨૦૨૧ છે. માહિતી આયોગ, ગાંધીનગર તા.૮/૧/૨૦૧૬ ની રજૂઆત નો જવાબ આપવા પીજીવીસીએલ ની તમામ ઓફીસને જણાવેલ છે.

આમ, ઉપરોક્ત મુદા નં–૧ થી ૩ ની મારી ફરીયાદ છે. તા આપ સાહેબને વિનંતી છે કે, લગત તમામ અધિકારીઓ ઉપર કલમ–૪૨૦ મુજબ કાર્યવાહી કરવી તથા કરેલ કાર્યવાહીની જાણ કરવા વિનંતી સારૂં.

૧.૪ ઉજાલા બલ્બ વિતરણ કરવા પીજીવીસીએલ નો કયો સ્ટાફ ફેકટરી સાથે સોદો કર્યો ? કેટલામાં ? આજ સુધી કેટલા ગ્રાહકને કેટલા બલ્બ આપ્યા ? જયારે આપ્યા ત્યારે ૧ વર્ષ ની ગેરંટી આપતા. પરંતુ, વર્ષ દરમિયાન બધા જ બલ્બ ખરાબ થઈ ગયા છે. અને પછી પીજીવીસીએલ ઓફીસ, દામનગર, લાઠી, અમરેલી કોઈ જવાબ આપતું નથી. આનાથી કોને ફાયદો થયો કેટલા યુનિટ વિજળી ની બચત થઈ આધાર પુરાવા સાથે આપવું.

**<u>બીજી રજૂઆત તા.૫/૩/૨૦૨૨</u>**

ઉપરોકત વિષયના અનુસંધાને આપને જણાવવાનું કે, હું જગશી એ ઝાપડીયા, દામનગર, તા.લાઠી.જી.અમરેલી હું ઘર વપરાશનું વિજ કનેકશન નં–૩૮૦૦૧/૦૦૪૮૦/૧ નું ધરાવું છું.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

સાહેબશ્રી મેં ૦.૦૧ યુનિટની પણ વિજ ચોરી કરી નથી.છતાં મારા પર કલમ–૧૨૬ મુજબ ની કાર્યવાહી કરી રૂા.૬૧,૨૨૮/– અંકે રૂપિયા એકસઠ હજાર બસોને અઠયાવીશ રૂપિયા પૂરા નો દંડ આપેલ. જેનું કાચુ આકારણી બિલ મને પોસ્ટથી મોકલી આપેલ. આ દંડની રકમ મેં પૂરી ભરી વિજ સહાયક, ભાવનગર સમક્ષ કલમ–૧૨૭ મુજબ અપીલ કરેલ. જેમાં મારૂં ચોરીનું રોજકામ જોતાં,મેં પાવર બંધની ફરીયાદ સ્થાનીક ઓફીસે નોંધાવેલ હતી. રોજકામમાં સમય સ્થળનો ઉલ્લેખ કરેલ નથી. તેમને મ્રાત્ર સ્પાર્ક થી કોપરના ટુકડા દેખાયા છે. તેવોજ ઉલ્લેખ કરેલ છે અને લખે છે કે, અરજદારે સહી કરી નથી. હકીકતે મને ખબર જ ન હતી. રોજકામમાં જેમના નામો છે તેમની મેં માહિતી અધિનિયમ–૨૦૦૫ અન્વયે, માહિતી માંગતા તેમાંનો એક અધિકારીશ્રી દામનગર થી દક્ષિણ દિશામાં લગભગ ૨૦ થી ૩૦ કિ.મી દૂર શાખપૂર તે જ દિવસે ઓફીસ કામે જાય છે. સવારથી સાંજ સુધી જયારે બીજો અધિકારીશ્રી દામનગરથી ઉતર દિશામાં પીપળવા ગામે તે જ દિવસે સવારથી સાંજ સુધી ઓફીસ કામે ગયેલ જણાય છે. જયારે, ત્રીજા અધિકારીશ્રી નું ફકત નામ જ છે. સહી કરી નથી.

આ તમામ બાબતો ની રજૂઆત મેં જે તે વખતના કાર્યપાલક ઈજનેરને કરતા તેઓ જણાવે છે કે, કોઈ કર્મચારીની રજૂઆત ને લઈને વિજ ચેકીગ કરેલ હતું સહી બાબતે એવું લેખિત આપે છે કે, શરતચૂક થી સહી રહી ગયેલ છે. તો શું આવા રોજકામ માન્ય ગણાય કે નહી તે આપ સાહેબશ્રી મને જણાવશો.

મને કાચું આકારણી બિલ આપેલ. મારે અપીલ માટે આખરી આકારણી બિલની જરૂર પડી તો, હું સ્થાનીક ઓફીસે ગયો તો મને બિલ આપવાની ના પાડેલ. જેથી મારે અમરેલી શ્રી કાર્યપાલક ઈજનેર પાસે જવું પડેલ. તેના ટેલીફોનીક વાતચીત પછી મને આખરી આકારણી બિલ આપેલ. આમ મને દામનગરથી ખોટો ધકકો ખવડાવેલ ને મારો સમય બરબાદ કરેલ.

મેં કલમ–૧૨૭ મુજબ વિજ સહાયક સામે જયારે અપીલ કરી તો, તેમાં પણ ખોટા આધાર પુરાવા રજૂ કરી મને ચોર જાહેર કરેલ. તથા હુકમનું પાલન પણ કરેલ નથી.

વિજ સહાયકના હુકમ મુજબ વાદીએ જાન્યુઆરી–૧૯૧૪ મુજબ ૧૬ દિવસમાં ૦ યુનિટ વિજ વપરાશ કરેલ છે. જયારે, મારી લેઝર શીટ જોતાં, મારૂં ૧૩૦ યુનિટ નું બિલ આપેલ છે.

આમ વિજ સહાયક સામે પણ ખોટુ બોલી આધાર પુરાવા રજૂ કર્યા છે. તથા હુકમ તમામ બિલ રદ કરી પછી નવી ગણતરી કરી બીજું બિલ આપવાનું હતું. તેને બદલે મારી રકમમાં ઉથલ પાથલ કરી નાંખેલ છે.

આમ, ઉપરોક્ત વિગતે ફરિયાદો રજુ કરેલ છે.

☞ **<u>પ્રતિવાદીશ્રીની રજુઆત</u> :– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

ઉપરોકત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, તમો દામનગર ગ્રાહક નં–૩૮૦૦૧/૦૦૪૮૦/૧ મુકામે રહો છો. તેમજ તમો દ્વારા આપવામાં આવેલ અરજી તારીખ નીલ ની રજૂઆત ના અનુસંધાને મુદા વાઈઝ જવાબ નીચે મુજબ છે. જે આપની જાણ સારૂં.

Consumer Grievance Redressal Forum
P.G V.C.L.
Bhavnagar

૨.૧ ગુંજરાત ઈલેક્ટ્રીસીટી રેગ્યુલેટરી કમીશન(જીઈઆરસી) ના વખતો વખતના ટેરીફ ઓર્ડર મુજબ કેટેગરી વાઈઝ ટેરીફની મંજૂરી આપવામાં આવેલ હોય છે. જે મુજબ પીજીવીસીએલ ના વખતો વખતના ટેરીફ ઓર્ડર મુજબ આપના ઘર વપરાશના વિજ જોડાણમાં ફીકસ ચાર્જ ની રકમ ચાર્જ કરવામાં આવે છે. જે બાબતે છેલ્લા ટેરીફ ઓર્ડર પીજીવીસીએલ/રજી.સેલ/ટી/૧૫૪૦૭ તા.૪/૫/૨૦૨૧ ના પાર્ટ–૧ ક્રમ નં–૧ ના ટેરીફ ની નકલ આ સાથે સામેલ કરેલ છે.

૨.૨ આપના મુદા નં–૨ ની રજૂઆત અન્વયે, અત્રેની કચેરીએથી નાયબ ઈજનેરશ્રીને મીટર રીડરને દરેક વિજ બિલ ની સંપૂર્ણ વિગત ભરી ગ્રાહક ને બિલ આપવા માટે તા.૨૦/૧૨/૨૦૨૧ ના રોજ પત્ર થી સૂચના આપવામાં આવેલ છે.

૨.૩ આપની વિજ બિલ બને તે વિજ બિલ માં બિલની તારીખ તેમજ બિલ ભરપાઈ કરવા અંગેની છેલ્લી તારીખ આપવામાં આવે છે. જે બિલ બન્યાના ૧૦(દશ) દિવસ આપવામાં આવે છે. તેમજ નોટીસ પણ બિલની અંદર આપવામાં આવે છે. તેમ છતાં, સમયમર્યાદા બાદ રકમ ન ભરપાઈ થાય તો વિજ જોડાણ કાપવા અંગે ની કાર્યવાહી કરવામાં આવે છે. જે કંપનીના નિયમ મુજબ જ કરવામાં આવે છે. જે આપની જાણ સારૂં.

૨.૪ આપના દ્વારા કરવામાં આવેલ આયોગની ફરીયાદ મુજબની કાર્યવાહી કરવામાં આવેલ છે. તેમજ તે બાબતની જાણ પણ તમોને કરવામાં આવેલ છે.

૨.૫ આપના દ્વારા મુદા નં–૫ માં જણાવેલ ઉજાલા બલ્બ વિતરણ બાબતની રજૂઆત અન્વયે જણાવવાનું કે, સદર બાબત અત્રેની કાર્યક્ષેત્ર હેઠળની આવતી ન હોય, સદર બાબતની વિગત આપવામાં આવેલ નથી.

આપના સહકારની અપેક્ષા સહ,

જયભારત સાથ ઉપરોકત વિષયના અનુસંધાને આપ સાહેબને જણાવવાનું કે, જગશીભાઈ આંબાભાઈ ઝાપડીયા, રહે.દામનગર દ્વારા વિજ કનેકશન ના બિલ પ્રશ્નો દૂર કરી આપવા બાબત ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમમાં તા.૦૫/૦૩/૨૦૨૨ ના રોજ અરજી કરવામાં આવેલ. જે અન્વયે, મુદા વાઈઝ જવાબ નીચે મુજબ રજૂ કરેલ છે.

**<u>પત્ર –૧ નો જવાબ નીચે મુજબના સંદર્ભ પત્ર થી આપવામાં આવેલ છે. જે નીચે મુજબ છે.</u>**

(૧) વિભાગીય કચેરી, અમરેલી–૧ ના પત્ર ક્રમાંક–એડી–૧/રેવ/૬૧૫૭ તા.૦૨/૦૮/૨૦૧૯.

(૨) વિભાગીય કચેરી, અમરેલી–૧ ના પત્ર ક્રમાંક–એડી–૧/રેવ/૫૩૫૪ તા.૩૦/૦૬/૨૦૧૬.

(૩) દામનગર પેટા વિભાગીય કચેરી નો પત્ર ક્રમાંક નં–ડીએસડી/ટેક/૩૧૫૭ તા.૨૨/૦૮/૨૦૧૬.

(૪) વિભાગીય કચેરી, અમરેલી–૧ ના પત્ર ક્રમાંક–એડી–૧/રેવ/૩૯૪૯ તા.૦૬/૦૫/૨૦૧૭.

(૫) વિભાગીય કચેરી, અમરેલી–૧ ના પત્ર ક્રમાંક–એડી–૧/રેવ/ફરીયાદ/૪૬૯ તા.૧૬/૦૧/૨૦૧૭.

(૬) દામગનર પેટા વિભાગીય કચેરીનો પત્ર ક્રમાંક નં–ડીએસડી/એચઆર/૪૧૭૬ તા.૦૮/૧૧/૨૦૧૬.

**<u>પત્ર –૨ નો જવાબ નીચે મુજબના સંદર્ભ પત્ર થી આપવામાં આવેલ છે. જે નીચે મુજબ છે.</u>**

(૧) વિભાગીય કચેરી, અમરેલી–૧ ના પત્ર ક્રમાંક–એડી–૧/રેવ/૬૧૫૭ તા.૦૨/૦૮/૨૦૧૯.

(૨) વિભાગીય કચેરી, અમરેલી–૧ ના પત્ર ક્રમાંક–એડી–૧/રેવ/ફરીયાદ/૧૦૯૫૬ તા.૨૦/૧૨/૨૦૨૧.

Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar

(૩) એમકો/રેવ/ગ્રાહક રજૂઆત/૬૭૭૩ તા.૦૬/૧૦/૨૦૨૧.

(૪) વિભાગીય કચેરી, અમરેલી–૧ ના પત્ર ક્રમાંક–એડી–૧/રેવ/૭૪૭૮ તા.૨૯/૦૮/૨૦૧૭.

(૫) વિભાગીય કચેરી, અમરેલી–૧ ના પત્ર ક્રમાંક–એડી–૧/રેવ/૭૪૭૭ તા.૨૯/૦૮/૨૦૧૭.

(૬) વિભાગીય કચેરી, અમરેલી–૧ ના પત્ર ક્રમાંક–એડી–૧/રેવ/૪૩૮૨ તા.૧૯/૦૫/૨૦૧૭.

**દામનગર કચેરી દ્વારા આર.ટી.આઈ એકટ–૨૦૦૫ અન્વયે, આપવામાં આવેલ જવાબ.**

(૧) દામનગર કચેરી દ્વારા તા.૧૮/૧૧/૨૦૧૬ ના રોજ માહિતીના મુદ્દા નં–૧ થી ૪ ની માહિતી સામેલ કરી મોકલવામાં આવેલ હતી.

(૨) દામનગર કચેરી દ્વારા પત્ર ક્રમાંક નં–ડીએસ/ટેક/૬૭૪ તા.૧૯/૦૧/૨૦૧૫ થી મુદા નં–૧ થી ૨ ની માહિતી નો જવાબ મોકલવામાં આવેલ હતો.

(૩) દામનગર કચેરી દ્વારા પત્ર ક્રમાંક નં–ડીએસ/ટેક/૧૩૧૫ તા.૨૭/૦૪/૨૦૧૭ થી મુદા નં–૧ થી ૪ ની માહિતી નો જવાબ મોકલવામાં આવેલ હતો.

(૪) દામનગર કચેરી દ્વારા પત્ર ક્રમાંક નં–ડીએસ/ટેક/૧૩૧૭ તા.૨૭/૦૪/૨૦૧૭ થી મુદા નં–૪ ની માહિતી નો જવાબ મોકલવામાં આવેલ હતો.

તેમજ વધુમાં જણાવવાનું કે, તેમની અરજીના પત્ર નં–૨ ના પાના નં–૪ માં દર્શાવેલ ૧ થી ૪ મુદા આરટીઆઈ એકટ–૨૦૦૫ ને લગતા હોય, સદર અરજી આરટીઆઈ એકટ–૨૦૦૫ ના નિયત નમૂનાના ફોર્મ (નમૂનો–ક) સાથે જરૂરી ફી કે સ્ટેમ્પ લગાવી કરવાની હોય છે. જે અરજી સાથે લગાવેલ નથી. તેમજ તે માહિતી અત્રેની કચેરીના કાર્યક્ષેત્ર હેઠળ આવતી ન હોય આપી શકાય નહી.

☞ **ફોરમનું તારણ :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.**

૩.૧ વાદી અરજદાર જગશીભાઈ એ ઝાપડીયા, ગ્રાહક નં–૩૮૦૦૧/૦૦૪૮૦/૧, રે.દામનગર, તા.લાઠી,જી.અમરેલી,દ્વારા બિલીંગને લગતા , મીટર રીડીંગ ને લગતા, આર.ટી.આઈ, ઉજાલા બલ્બ તેમજ સ્ટાફને લગતી ફરિયાદો બાબતે પ્રતિવાદી પીજીવીસીએલની અમરેલી-૧ વિભાગીય કચેરી તેમજ દામનગર પે.વી.કચેરી ની સામે તકરાર થતા ફોરમ સમક્ષ રજૂઆત કરેલ છે.

૩.૨ વાદીની અરજીની રજૂઆતને લઇને ફોરમ દ્વારા તા. ૧૪.૦૬.૨૨, ૧૬.૦૭.૨૨ અને તા. 30.0૮.૨૨ના રોજ રૂબરૂ સુનાવણી રાખવામાં આવેલ જેમાં વાદી પ્રથમ ૨ મુદ્દતમાં ગેરહાજર રહેતા તા. 30.0.૨૨ના રોજ ત્રીજી મુદત રાખવામાં આવેલ જેમાં અરજદાર હાજર રહેલ, જ્યારે પ્રતિવાદી પીજીવીસીએલના પ્રતિનિધિ બધી જ મુદતમાં હાજર રહેલ, આજરોજ ની ત્રીજી મુદતમાં બંને પક્ષો દ્વારા મૌખિક રજૂઆત કરેલ છે.

3.3 આ તબક્કે રજુ થયેલ દસ્તાવેજો અને રજુઅતોને ધ્યાને લેતા ફોરમને જણાય છે કે પ્રતિવાદી પીજીવિસીએલની કચેરી દ્વારા વાદીની તમામ રજૂઆતનો જવાબ કરી નીચે મુજબની કાર્યવાહી કરવામાં

આવેલ છે.

**<u>વિજ અધિનિયમ ૨૦૦૩ ની કલમ ૧૨૬ મુજબ આપેલ પાવર ચોરી પુરવણી બીલ બાબત.</u>**

શ્રી જગશીભાઈ આંબાભાઈ ઝાપડીયા રે. દામનગર ના ગ્રાહક નંબર ૩૮૦૦૧૦૪૮૧૧૦ નુ ધરવપરાશનુ વીજ જોડાણ તા. ૨૫–૨–૨૦૧૪ ના રોજ તપાસણી થયેલ જેમાં સર્વીસ વાયર તુટેલો જણાતા ગેરરીતી બાબતે વીજ અધિનિયમ ની કલમ ૧૨૬ મુજબ રકમ રૂા. ૬૧૨૨૭–૬૧ નુ પુરવણી બીલ આપેલ. જેની સામે તેઓ ધ્વારા આ રકમ વાંધા સાથે રકમ રૂા. ૬૧૨૨૮/– રસીદ નંબર ૩૭૫૯૪૪ તારીખ ૫–૩–૧૪ ના રોજ ભરપાઈ કરેલ. તેમજ તેઓ ધ્વારા સદર બીલ સામે સહાયક વિધુત નિરીક્ષક ભાવનગર સમક્ષ વીજ અધિનિયમ ની કલમ ૧૨૭ હેઠળ દાખલ કરેલ. જેના કેસ નંબર ૨૧/૧૫ છે. જેમાં તારીખ ૨૭–૦૭–૨૦૧૫ ના રોજ સુનવણી માં વાદી તરફે જગશીભાઈ આંબાભાઈ ઝાપડીયા તથા કંપની તરફે શ્રી જે.કે. સુથાર નાયબ ઈજનેર દામનગર હાજર રહેલ. બન્ને પક્ષની દલીલો સાંભળી તારીખ ૩૧–૦૫–૨૦૧૬ ના રોજ નં ૯૫૮/૨૦૧૬ થી ચુકાદો જાહેર કરેલ. ઉપરોકત ચુકાદામાં ગ્રાહકને અપાયેલ સુનવણી બીલમાં લાઈટીંગ લોડ એ–૧૨૩૦ વોટ માટે ડી = ૩૬૫ ના બદલે ડી = ૨૪૦ તથા કુલીંગ લોડ એ–૧૪૦૦ વોટ ડી = ૨૭૩ ના બદલે ડી =૧૪૮ મુજબ ગણતરી કરી વિજ વપરાશ કુલ ૫૩૬ યુનીટ બાદ કરી બાકીના યુનીટનુ પુરવણી બીલ આપવા જાહેર કરેલ. આમ ઉપરોકત ચુકાદા મુજબ સદરહુ ગ્રાહકની રૂા. ૩૯૨૪૮.૮૬ નુ રીવાઈઝડ પુરવણી બીલ આપવાનુ થાય. જે પુરવણી બીલ રીવાઈઝડ કરી ગ્રાહકના ખાતામાં રકમ રૂા. ૨૧૯૭૮.૭૫ તારીખ૧૯–૧૦–૨૦૧૬ ના રોજ જમાં આપવામાં આવેલ. આમ એપેલેટ ઓથોરીટી ધ્વારા આપવામાં આવેલ હુકમ મુજબ બીલ રીવાઈઝડ કરી ગ્રાહકના ખાતામાં રકમ જમાં કરેલ છે.

**<u>૨) સોલાર ના બીલ બાબત :–</u>**

શ્રી જગશીભાઈ આંબાભાઈ ઝાપડીયા રે. દામનગર ધ્વારા ગ્રાહક નંબર ગ્રાહક નંબર ૩૮૦૦૧૦૪૮૧૧૦ નુ ધરવપરાશનુ વીજ જોડાણમાં ૪.૦ કી.વો.ના સોલાર રૂફટોપ માટે અરજી કરતા. સદર ગ્રાહકને સોલાર રૂફટોપ યોજના અંતર્ગત સોલારનુ વિજ જોડાણ તારીખ ૧૯–૧૨–૨૦૧૬ ના રોજ આપવામાં આવેલ.જે સીસ્ટમ માં ખામી ને લીધે સોલાર તરીકે નુ બીલ મેન્યુઅલ બનાવેલ. તેમજ માહે નવે–ડીસે–૧૮ થી સોલાર ગ્રાહક તરીકેના બીલ આપવમાં આવેલ. તેમજ અગાઉના બીલ નુ નીયમ મુજબ એડજસ્ટમેન્ટ થી બીલીંગ કરવામાં આવેલ. તેઓ ધ્વારા કરવામાં આવેલ એગ્રીમેન્ટ મુજબ રેટ રૂા. ૩.૨૨ કરવામાં આવેલ. જે હાલ કંપનીના નીયમ મુજબ તેઓને સરપ્લસ એનર્જીના રેટ ૩.૨૪ મુજબ આપવામાં આવેલ છે. તેમજ તેઓનુ બીલીંગ સોલાર ગ્રાહક તરીકે નિયમ મુજબ જ કરવામાં આવે છે.

**<u>૩)એનર્જી બીલની રકમ બેંક ખાતામાં આપવા બાબતઃ–</u>**

ગ્રાહક ધ્વારા તેઓના ખાતામાં જમાં રહેલ રકમ તેમના બેંક એકાઉન્ટમાં જમા કરવા રજુઆત કરવામાં આવેલ. જે તેઓને તારીખઃ–૧૭–૦૮–૨૦૨૨ ના રોજ અરજી આપેલ. જે અન્વયે તેમના ખાતામાં જમાં રહેલ રકમ રૂા. ૯૯૦૫.૦૦ નુ પેમેન્ટ આર.ટી.જી.એસ.થી તારીખ :–૨૪–૦૮–૨૦૨૨ ના રોજ કરી આપવામાં આવેલ છે. સોલાર સરપ્લસ વર્ષ ૨૦૨૦–૨૧ નુ પેમેન્ટ રૂા. ૨૮૯૩.૦૦ નુ જુન –૨૧માં કરેલ છે.સોલાર સરપ્લસ વર્ષ ૨૦૨૧–૨૦૨૨ નુ પેમેન્ટ રૂા.૫૯૯.૦૦ નુ જુન–૨૨ માં કરવામાં આવેલ છે. આમ સોલાર સરપ્લસ ની રકમ તેઓના બેંક ખાતામાં જમાં આપવામાં આવેલ છે.

**<u>૪)મીટર ની સ્થિતી ફેરવવા બાબત.:–</u>**

ગ્રાહક ધ્વારા કરવામાં આવેલ રજુઆત મુજબ તેઓના મીટરને ફેરવવા બાબતની ફરીયાદ કરેલ. જે અન્વયે નાયબ ઈજનેરશ્રી દામનગર પેટા વિભાગીય કચેરી ને સુચના આપવામાં આવેલ છે.

૩.૪ આમ, ઉપરોકત તમામ વિગતોને રજુઆતોને ધ્યાને લેતા ફોરમને જણાય છે કે પ્રતિવાદી

પીજીવીસીએલની કચેરી દ્વારા વાદીના પ્રશ્નોને લઇને સમયાંતરે જરૂરી કાયવાહી કરી જવાબ કરી

આપવામાં આવેલ હોઈ, હવે આં અંગે કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોઈ ફોરમ દ્વારા કોઈ હુકમ કરવામાં આવતો નથી અને વાદીની અરજીનો નિકાલ કરવામાં આવે છે.

**—:: હુકમ ::—**

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં " 3.૪ " મુજબ હુકમ કરવામાં આવે છે.**

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ–૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, જુના પાવર હાઉસ કમ્પાઉન્ડ, કનકરોડ, ત્રિકોણ બાગ, રાજકોટ–૩૬૦ ૦૦૧ સમક્ષ અપીલ કરી શકે છે.

-

(શ્રીમતી જે.એમ.મેહતા)
સ્વતંત્ર સભ્યશ્રી

(ગેરહાજર)
(એ.એ.જાડેજા)
ટેકનીકલ સભ્યશ્રી

(એન.સી.મકવાણા)
અધ્યક્ષશ્રી,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.

તારીખ :– ૩૦/૦૮/૨૦૨૨.

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar